COPY


# THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / 089

તા: ૦૪.૦૫.૨૦૧૮

શ્રી નરેન્દ્રભાઈ ગઢવી,
સ્ટેશન માસ્ટર,
ઇમરજન્સી રીસ્પોન્સ સેન્ટર,
ગાંધીધામ – કચ્છ

<u>વિષય: ઇમરજન્સી રીસ્પોન્સ સેન્ટર – ગાંધીધામની ત્રુટીઓ બાબતે</u>

માનનિયશ્રી,

ગત માસમાં ગાંધીધામ મધ્યે બનેલ આગનો બનાવ અને આગ બુઝાવવાની જે કામગીર હાથ ધરવામાં આવેલ તે ઉપરથી નીચે જણાવેલ અનેક ત્રુટીઓ સામે આવેલ છે.

1) ફાયર ટેન્ડરમાં પાણી ભરેલું ન હોવું.
2) સમયસર ડ્રાઇવરોની ઉપલબ્ધી ન હોવી.
3) ફાયર ટેન્ડરમાં ફોમ ન હોવું.
4) ફાયર સ્ટેશનમાં આધુનિક ઉપકરણોનો અભાવ.
5) હંમેશા દિન દયાળ પોર્ટ, ઇફકોનાં તથા કંડલા ટીમ્બરનાં ફાયર ટેન્ડરો દ્વારા જ આગ બુઝાવવામાં આવવી.
6) આગનાં સ્થળે ફાયર ટેન્ડરો ઘણાં જ મોડા પહોંચવા.
7) આગની જાણકારી આપવા કોઇ એક હેલ્પલાઇન નંબર હોવો જોઇએ જે હાલનાં સમયે ઉપલબ્ધ નથી.
8) ફાયર સ્ટેશનોનું નિયમિત ઇન્સ્પેક્શન થવું જોઇએ અને તે દ્વારા જે ત્રુટીઓની જાણકારી મળે તેનો યોગ્ય ઉકેલ લાવવો જોઇએ.

ગાંધીધામ સંકુલ વ્યાપારિક અને ઔદ્યોગિક પ્રવૃતિઓથી ધમધમી રહ્યું છે અને વિશેષરુપે નજીકમાં કાસેઝ અને આજુબાજુનાં વિસ્તારમાં ઔદ્યોગિક પ્રવૃતિઓનો જે વિકાસ થઈ રહ્યો છે તેને ધ્યાનામાં લેતાં ઇમરજન્સી રીસ્પોન્સ સેન્ટરે તેની કાર્યદક્ષતામાં આધુનિક ઉપકરણો સાથે ત્વરીત સમય ઉપર રીસ્પોન્સ આપવો જરુરી છે.

ઉપરોક્ત હકિકતોને ધ્યાનમાં રાખી તાત્કાલિક ધોરણે ઇમરજન્સી રીસ્પોન્સ સેન્ટરની કાર્યદક્ષતામાં સુધારો લાવી આ સેવાને ઉપયોગી બનાવવા તાત્કાલિક પગલાં ભરવા અનુરોધ છે.

આભાર....

આપનો વિશ્વાસુ,

મુરલીધર જગાણી
માનદ મંત્રી